વાહનવ્યવહાર ઠપ થતાં વાહનચાલકો અટવાયા : સ્થાનિકોમાં રોષ

વડોદરા શહેર અને જિલ્લામાં ઠેરઠેર વૃક્ષો ધરાશાયી થયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા શહેરના સેવાસી વિસ્તારમાં કબીર ફાર્મ પાસે એક મોટા કદનું વૃક્ષ જળમૂળમાંથી ઉખડીને મુખ્ય માર્ગ પર ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. વૃક્ષ માર્ગ પર જ વચ્ચે પડાતા આખો એક તરફનો રસ્તો સંપૂર્ણપણે વાહન વ્યવહાર માટે બંધ થઈ ગયો છે. ભીમપુરા, સોનારકુઈ અને સિંધરોટ તરફથી આવીને ગોત્રી તથા વડોદરા શહેર તરફ પ્રવેશતા વાહનચાલકો આ કારણે ભારે ટ્રાફિક સમસ્યામાં અટવાયા છે. બીજી તરફ શહેરના ઉંડેરા વિસ્તારમાં આવેલા રૂબી સર્કલ પાસે એક વિશાળ મહાકાય વૃક્ષ અચાનક ધરાશાયી થઈ પડ્યું હતું. વૃક્ષ રસ્તા પર કડડભૂસ થઈને પડતાં જ વાહન વ્યવહાર પર તેની સીધી અસર પડી હતી અને રસ્તાની એક તરફનો માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો.



પાદરાના ડભાસામાં ચાલુ માર્ગે ધસી પડ્યું વિશાળ ઝાડ અને વીજ થાંભલો

પાદરા તાલુકાના ડભાસા ગામ નજીક એક મોટી દુર્ઘટના ટળતા સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. ડભાસા ગામે આવેલ નાયરા પેટ્રોલ પમ્પ પાસે અચાનક એક વીજ થાંભલો ધરાશાયી થઈ ગયો હતો. વીજ થાંભલાની સાથે જ તેની બાજુમાં આવેલું એક વિશાળ ઝાડ પણ અચાનક માર્ગ પર ધસી પડ્યું હતું, જેના કારણે આ વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરી મચી ગઈ હતી. ઘટના અચાનક જ બનવાને કારણે મુખ્ય માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અવાચક બની ગયા હતા.

ડભોઈ રોડ પર ઝાડ અને જર્જરિત દીવાલ એકસાથે તૂટી, ગાડીને નુકસાન

વડોદરા શહેરમાં ભારે વરસાદ અને તેજ પવનને કારણે અનેક જગ્યાએ વૃક્ષો અને જૂના મકાનો ધરાશાયી થવાની ઘટનાઓ સામે આવી રહી છે. આવી જ એક ઘટના પ્રતાપનગર ડભોઇ રોડ પર બની હતી. દીવાલ અને ઝાડ તૂટી પડતા ગાડીને ભારે નુકસાન થયું હતું. યમુના મિલ પાસેના વુડાના આવસોની એક દીવાલ અને બાજુમાં આવેલું મોટું ઝાડ તેજ પવનના કારણે એકસાથે ધરાશાયી થયા હતા. દીવાલ અને ઝાડ સીધા નીચે પાર્ક કરેલી પિકઅપ ગાડી પર પડતા ગાડીને ભારે નુકસાન થયું છે.

દશરથ ગામમાં વૃક્ષ ધરાશાયી: ગાયનું મોત

વડોદરા શહેર અને આસપાસના વિસ્તારોમાં અવિરત પડી રહેલા ભારે વરસાદ વચ્ચે વધુ એક અકસ્માત સામે આવ્યો છે. વડોદરા નજીક આવેલા દશરથ ગામના માધવનગર વિસ્તારમાં ધોધમાર વરસાદ અને તેજ પવનના કારણે એક વિશાળ વૃક્ષ અચાનક ધરાશાયી થયું હતું. આ દુર્ઘટનામાં વૃક્ષ નીચે દબાઈ જવાથી એક નિર્દોષ ગાયનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું, જ્યારે આસપાસ પાર્ક કરેલા વાહનો અને રહેણાંક મકાનોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે.મળતી માહિતી મુજબ, માધવનગરમાં મુશળધાર વરસાદ દરમિયાન અચાનક એક જૂનું અને વિશાળ વૃક્ષ મૂળમાંથી ઉખડીને રહેણાંક વિસ્તાર પર પડ્યું હતું. વૃક્ષ પડવાનો ભયાનક અવાજ થતાં જ આસપાસના લોકોમાં ભારે અફડાતફડી મચી ગઈ હતી.

સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી તમામ શાળાઓને આદેશ

ધો-૧ના પ્રવેશમાંથી બાળવાટિકાનું પ્રમાણપત્ર શિક્ષણ વિભાગે હટાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

ધોરણ-1માં બાળકને પ્રવેશ અપાવવા માટે હવે બાળવાટિકા એટલે કે પ્રી-પ્રાઈમરી પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર ફરજિયાત રહેશે નહીં. શિક્ષણ વિભાગે આ અંગે સ્પષ્ટ પરિપત્ર બહાર પાડીને તમામ સરકારી, અનુદાનિત અને ખાનગી પ્રાથમિક શાળાઓને તાત્કાલિક અમલ કરવાનો આદેશ આપ્યો છે. શિક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર આરટીઈ એક્ટ 2009ની કલમ-14 હેઠળ દરેક 6 થી 14 વર્ષના બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર છે. ઘણી શાળાઓ બાળવાટિકાનું સર્ટિફિકેટ ન હોવાના કારણે પ્રવેશ આપવાનો ઈનકાર કરતી હતી. આનાથી બાળકો શિક્ષણથી વંચિત રહેતા હતા. આ સમસ્યાને ધ્યાને રાખીને હવે આ નિયમ રદ કરવામાં આવ્યો છે. નવા નિયમ મુજબ ધો-1માં પ્રવેશ માટે હવે માત્ર બાળકની ઉંમર જ મુખ્ય માપદંડ રહેશે. ઉંમરના પુરાવા તરીકે જન્મનું પ્રમાણપત્ર અથવા સરકાર માન્ય અન્ય કોઈ દસ્તાવેજ ચાલશે. જો કોઈ વાલી પાસે ઉંમરનો કોઈ પુરાવો ન હોય તો પણ તે કારણસર શાળા પ્રવેશ આપવાનો ઈનકાર કરી શકશે નહીં. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીએ તમામ ડીઈઓ અને ડીપીઈઓને આ પરિપત્રનો કડક અમલ કરાવવાની સૂચના આપી છે. જો કોઈ શાળા આ નિયમનો ભંગ કરીને બાળવાટિકાનું પ્રમાણપત્ર માંગશે અથવા પ્રવેશ આપવાનો ઈનકાર કરશે તો તેની સામે આરટીઈ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. શિક્ષણ વિભાગના આ નિર્ણયથી ગ્રામીણ અને આર્થિક રીતે નબળા પરિવારોના બાળકોને મોટી રાહત મળશે. હવે વાલીઓને બાળકના પ્રવેશ માટે વધારાના દસ્તાવેજો માટે દોડાદોડી કરવી નહીં પડે.

વિકસીત વડોદરા । કરોડોના ખર્ચ છતાં રસ્તાઓ પર કમરતોડ ખાડા અને મસમોટા ભુવા

પ્રથમ વરસાદે જ વાઘોડિયા અને આજવા રોડ પર રસ્તાઓ બિસમાર

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

શહેરના વાઘોડિયા રોડ અને આજવા રોડ વિસ્તારમાં રસ્તાઓની હાલત અત્યંત બિસ્માર બની ગઈ છે. રસ્તાઓ પર પડેલા અસંખ્ય અને મોટા ખાડાઓને કારણે વાહનચાલકો તથા સ્થાનિક રહીશો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. વાઘોડિયા વિસ્તારમાં મુખ્ય માર્ગો પર પડેલા કમરતોડ ખાડાઓને કારણે રોજીંદી અવરજવર કરતા વાહનચાલકો હેરાન-પરેશાન થઈ ગયા છે. અનેક સ્થળોએ વાહનોની ગતિ ધીમી પડી જાય છે અને અકસ્માતનો સતત ભય સતાવી રહ્યો છે. બીજી તરફ આજવા રોડ અને બાપોદ વિસ્તારમાં ડ્રેનેજ કામગીરી બાદ યોગ્ય પુરાણ ન કરવાને કારણે રસ્તાઓ પર ૧૦ થી ૧૫ ફૂટ ઊંડા મસમોટા ભુવા પડવાની ઘટનાઓ સામે આવી છે.

જેમાં વરસાદી પાણી ભરાઈ રહ્યા છે. રામ પાર્ક જેવા આંતરિક વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં સ્થાનિકોમાં ભારે નારાજગી વ્યાપી છે. સ્થાનિક નાગરિકો અને વાહન ચાલકોના જણાવ્યા મુજબ, રસ્તા પરના ખાડાઓને કારણે ગાડીઓ અને ઓટોરિક્શાના ટાયરો પંચર થાય છે, વાહનોના મેન્ટેનન્સનો ખર્ચ વધે છે અને ચાલકોને કમર તથા મણકાના દુખાવાની ગંભીર સમસ્યાઓ ભોગવવી પડી રહી છે. સિનિયર સિટીઝન્સ માટે આવા રસ્તાઓ પરથી પસાર થવું અત્યંત જોખમી બન્યું છે. તંત્ર દ્વારા દર વર્ષે રોડના સમારકામ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, છતાં પ્રથમ વરસાદમાં જ રસ્તાઓ ધોવાઈ જતાં પાલિકાના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત સામે ગંભીર સવાલો ઉભા થયા છે. સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સંસ્કારી નગરી હવે 'ખડોદરા' અને 'ભુવાનગરી' બની ગઈ છે.

ચૂંટણી આચારસંહિતા વચ્ચે માત્ર ઓડિટ કામો પર ચર્ચા

વડોદરા મહાનગરપાલિકામાં સ્થાયી સમિતિમાં અનેક દરખાસ્તો અટકી

કમિશનરની માત્ર ધ્યાને લેવાની દરખાસ્તો સાથે બેઠક આટોપાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે આજે સ્થાયી સમિતિની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યત્વે મહાનગરપાલિકાના ઓડિટ વિભાગ સાથે સંકળાયેલા કામો અને પોસ્ટ ઓડિટ અંતર્ગત વિવિધ વિષયો પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી, જેમાં ઓડિટ ઓફિસર દ્વારા જરૂરી સૂચનો પણ રજૂ કરવામાં આવ્યા હતા. હાલમાં માંજલપુર વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય સ્વ. યોગેશ પટેલના અવસાન બાદ આ બેઠક પર પેટાચૂંટણી જાહેર કરવામાં આવી છે. ચૂંટણીની જાહેરાત સાથે જ સમગ્ર

ક્ષેત્રમાં ચૂંટણી આચારસંહિતા લાગુ થઈ ગઈ હોવાથી, નિયમ મુજબ સ્થાયી સમિતિની બેઠકમાં નવા કોઈ વિકાસકામો કે પ્રોજેક્ટ્સની દરખાસ્તો મંજૂર કરી શકાતી નથી. ચૂંટણી આચારસંહિતાના અમલના કારણે મ્યુનિસિપલ કમિશનર તરફથી રજૂ કરવામાં આવેલી ફક્ત પોસ્ટ ઓડિટની અને માત્ર 'ધ્યાને લેવાની' દરખાસ્તો જ આ બેઠકમાં ચર્ચા હેઠળ લેવામાં આવી હતી. સ્થાયી સમિતિ દ્વારા ઓડિટ સંબંધિત બાબતોની સમીક્ષા કરી, સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપીને આ બેઠકની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

રૂ.૧.૫૦ લાખના સ્પેર પાર્ટ્સ ઉઠાવી ગયા

પાણી પુરવઠા બોર્ડના સ્ટોર પર તસ્કરોનો હાથફેરો..!

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરામાં સરકારી મિલકતો પણ હવે તસ્કરોના નિશાન પર આવી રહી છે. આજવા ચોકડી નજીક આવેલા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના મિકેનિકલ સ્ટોરમાં અજાણ્યા ચોરોએ પાછળની લોખંડની જાળી તોડી અંદર પ્રવેશ કરી અંદાજે રૂ.1.50 લાખના વાલ્વના કિંમતી સ્પેર પાર્ટ્સ ચોરી કરી ફરાર થઈ જતાં પોલીસ દોડતી થઈ છે. વડોદરાના અલગ અલગ વિસ્તારમાં આવેલી દુકાનો મંદિર અને સ્ટોરની દુકાન બનાવતા તસ્કરો હવે આજવા ચોકડી નજીક આવેલા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના મિકેનિકલ સ્ટોર ટાર્ગેટ કરી હતી. સુરતની મેસર્સ જલારામ સિક્યોરિટી સર્વિસીસ દ્વારા સ્ટોરમાં ત્રણ શિફ્ટમાં સુરક્ષા ગાર્ડ તૈનાત હોવા છતાં તસ્કરો સ્ટોરના પાછળના ભાગેથી લોખંડની જાળી તોડી અંદર ઘૂસી ગયા હતા. ત્યારબાદ બારી અંદરથી ખોલી સ્ટોરમાં રહેલા અપર વાલ્વ એસેમ્બલી, લોઅર વાલ્વ એસેમ્બલી, ચેક વાલ્વ ગાઈડ, ચેક વાલ્વ સીટ અને મોડિફાઈડ સ્પેસર સહિતના અંદાજે રૂ.1.50 લાખના સ્પેર પાર્ટ્સ ચાર પ્લાસ્ટિકની બેગમાં ભરી ફરાર થઈ ગયા હતા. 17 જુલાઈએ બોર્ડના કર્મચારીઓ સ્ટોર પર પહોંચતા સામાન ગુમ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. તપાસ દરમિયાન પાછળની જાળી તૂટેલી મળી આવતાં ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી. ફરિયાદ મુજબ સ્ટોર અવાવરુ વિસ્તારમાં આવેલો હોવાથી તેમજ આસપાસ ઝાડી-ઝાંખરા વધુ હોવાના કારણે રાત્રિના સમયે અસરકારક પેટ્રોલિંગ કરવું મુશ્કેલ બને છે, જેનો લાભ તસ્કરોએ લીધો હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ બનાવ અંગે સિક્યોરિટી એજન્સીના કર્મચારીએ ચોરો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ગોત્રી વિસ્તારમાં ગાયત્રી સ્કૂલ સામે વડાપ્રધાન દ્વારા લોકાર્પણ કરાયું હતું

ઈ-બસ અચાનક ખાડામાં ફસાઈ જતાં મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા

વડોદરામાં વહીવટી તંત્રની પોલ ખૂલી, PM દ્વારા લોકાર્પિત ઈ-બસ ગોત્રી વિસ્તારમાં ખાડામાં ફસાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૪

શહેરમાં સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે વહીવટી તંત્રની ગંભીર બેદરકારીનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વડાપ્રધાન દ્વારા લોકાર્પિત કરવામાં આવેલી અતિ-આધુનિક ઈલેક્ટ્રિક બસ ગોત્રી વિસ્તારમાં ગાયત્રી સ્કૂલની સામે અચાનક માર્ગ પર પડેલા ખાડામાં ફસાઈ જતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ અચાનક બનેલી ઘટનાને કારણે બસમાં બેઠેલા મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો અને લોકો જીવ બચાવવા બહાર દોડી આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, રોજીંદા

સમયપત્રક મુજબ મુસાફરોને લઈને જઈ રહેલી આ ઈ-બસ જ્યારે ગોત્રી વિસ્તારમાં ગાયત્રી સ્કૂલ પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે જ માર્ગ પરની નબળી ગુણવત્તા અને ભૂગર્ભ ગટર કે ડ્રેનેજના અધૂરા કામને કારણે બસનું તોતિંગ વ્હીલ મોટા ખાડામાં ખાબક્યું હતું. ખાડો અચાનક ઊંડો હોવાથી બસ એક બાજુ નમી ગઈ હતી. બસના જોરથી ઝાટકા સાથે અટવાઈ જવાને કારણે અંદર બેઠેલા મુસાફરો ગભરાઈ ગયા હતા. જોકે, સદભાગ્યે કોઈ મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ મુસાફરોમાં ભારે રોષ અને ડરનું વાતાવરણ જોવા મળ્યું હતું. આ ઘટના બાદ સ્થાનિક રહેવાસીઓ અને મુસાફરોમાં વડોદરા મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી અને રોડ-રસ્તાની જાળવણી સામે ઉગ્ર રોષ ફેલાયો છે. લોકોએ સવાલ ઉઠાવ્યો છે કે જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા શહેરીજનોની સુવિધા માટે કરોડો રૂપિયા ખર્ચીને ઈ-બસ જેવી આધુનિક સેવાઓ શરૂ કરવામાં આવી છે, ત્યારે પાલિકા તંત્ર દ્વારા તેના માર્ગોની યોગ્ય જાળવણી કેમ કરવામાં આવતી નથી ? ગોત્રી વિસ્તારના આ મુખ્ય માર્ગ પર સર્જાયેલી આ દુર્ઘટનાએ ફરી એકવાર VMCના પાપે ચાલતા ભ્રષ્ટ વિકાસના કામોની પોલ ખોલી નાખી છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ માર્ગોની મરામત કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર લોકઆંદોલન કરવાની ચીમકી પણ સ્થાનિકો દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

વડોદરામાં ફિલ્મી અંદાજમાં રૂ. ૯.૧૮ લાખની ચોરી!

બિલ્ડરની કારનો કાચ તોડી રોકડ ભરેલી બેગની ચોરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૪

વડોદરાના તરસાલી બાયપાસ વિસ્તારમાં ધોળા દિવસે કન્સ્ટ્રક્શન પર બિલ્ડર પોતાની કારમા રૂ. 9.18 લાખની રોકડ રકમ અને મહત્વના દસ્તાવેજો મૂકી સાઈટ ઓફિસમાં ગયા હતા. થોડા સમય બાદ પરત ફરતા કારનો કાચ તૂટેલો અને રોકડ ભરેલી બેગ ગાયબ હતી. સીસીટીવી ચેક કરતા ફિલ્મી અંદાજમાં બાઈક પર રેઈનકોટ પહેરીને બે શખ્સ આવ્યા હતા અને કારનો કાચ તોડીને રોકડા રૂપિયા 9.18 લાખ અને દસ્તાવેજ ભરેલી બેગ લઈ જતા કંડારાઈ ગયેલા જોવા મળ્યા હતા. ફૂટેજ ના આધારે પોલીસે બે શખ્સોની શોધખોળ શરૂ કરી છે. માંજલપુર વિસ્તારમાં રહેતા અને બિલ્ડર જીગરકુમાર પ્રવિણભાઈ વાળંદે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ ગુરુવારે સવારે પોતાની સ્કોર્પિયો કાર લઈને તરસાલી બાયપાસ સ્થિત રામનાથ હાર્મોની સાઈટ પર પહોંચ્યા હતા. તેમની પાસે ઘરેથી લાવેલા રૂ. 8 લાખ રોકડા હતા. ત્યારબાદ તેઓ વાઘોડિયા રોડ પર આવેલી રામનાથ આઈકોન સાઈટ પર ગયા, જ્યાં કંપનીના સભ્ય પાસેથી વધુ રૂ.9.18 લાખ રોકડા લીધા હતા. પછી તેઓ ફરી તરસાલી સ્થિત સાઈટ પર આવ્યા અને રોકડથી ભરેલી કોફી કલરની બેગ કારમાં મૂકાવી હતી. બેગમાં રોકડ ઉપરાંત બેંકની પાંચ ચેકબુક, પાનકાર્ડ સહિતના મહત્વના દસ્તાવેજો પણ હતા. બપોરે ઘરે જવા નીકળતા કારનો પાછળનો કાચ તૂટેલો જોવા મળ્યો અને રોકડ રકમ અને દસ્તાવેજોની બેગ ગાયબ હતી. સાઈટના CCTV ફૂટેજ તપાસતાં બપોરે આશરે 4:14 વાગ્યે બે અજાણ્યા શખ્સ કાળા રંગના રેઈનકોટ પહેરી નંબર પ્લેટ વગરની મોટરસાયકલ પર આવ્યા હોવાનું સામે આવ્યું હતું.

કાર અથડાતા ગેટ તૂટ્યો ,મકરપુરા પોલીસે તપાસ શરૂ કરી

નશામાં ધૂત કારચાલકે લારીને ટક્કર મારી ઓએનજીસીના મુખ્ય દરવાજા સાથે ભટકાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા શહેરમાં બેફામ અને નશામાં વાહન ચલાવવાના કિસ્સાઓ ફરી વધી રહ્યા છે. ગતરાત્રે પ્રતાપનગર પાસે આવેલા ઓએનજીસી ગેટ નજીક એક નશામાં ધૂત કારચાલકે ગંભીર અકસ્માત સર્જ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ કારચાલકે પહેલા રોડની સાઈડ પર ઉભેલી એક લારીને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે કાર બેકાબૂ બનીને સીધી ઓએનજીસીના મુખ્ય ગેટ સાથે અથડાઈ હતી. અકસ્માતની તીવ્રતાને કારણે ઓએનજીસીનો ગેટ પણ તૂટી પડ્યો હતો. મળતી માહિતી મુજબ અકસ્માત સમયે લારી પર હજાર કેટલાક લોકોને કારની ટક્કરથી નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. જ્યારે લારી પર કામ કરતા એક વ્યક્તિને ગંભીર ઈજાઓ

પહોંચતા તેને તાત્કાલિક સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટના બાદ લોકોના ટોળા ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. સ્થાનિકોએ તાત્કાલિક મકરપુરા પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કારચાલકની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં કારચાલક નશાની હાલતમાં હોવાની માહિતી મળી હતી.

વડોદરામાં વધી રહેલા અકસ્માતોને પગલે નશામાં અને બેફામ વાહન ચલાવનારાઓ સામે પોલીસે કડક કાર્યવાહી કરે તેવી માંગ સ્થાનિકોએ કરી છે.

ગોત્રી અંબીકા નગર ચાર રસ્તા પાસે જિયોના ટાવરમાં શોર્ટ સર્કિટ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૪

ગોત્રી અંબીકા નગર ચાર રસ્તા પર આવેલા હનુમાનજી મંદિરની બિલકુલ નજીક જિયોનું આ ટાવર ઊભું કરવામાં આવ્યું છે. આજે અચાનક આ ટાવરમાંથી વીજ સપ્લાય કે આંતરિક વાયરિંગમાં ક્ષતિ સર્જાવાને કારણે શોર્ટ સર્કિટ થયું હતું. શોર્ટ સર્કિટ થતાની સાથે જ ટાવરના ઉપલા ભાગમાંથી કાળા ધુમાડાના ગોટેગોટા નીકળતા નજરે પડ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આસપાસના સ્થાનિક રહીશો તાત્કાલિક એલર્ટ થઈ ગયા હતા અને સાવચેતીના ભાગરૂપે ટાવરથી દૂર ખસી ગયા હતા.

દર્દીઓમાં અને સગાંઓમાં ભભૂકતો રોષ

સયાજી હોસ્પિટલની મકરંદ દેસાઈ ઓર્થો.માં લિફ્ટ ઠપ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૪

શહેરની સયાજી હોસ્પિટલ ફરી એકવાર કોઈક 'ચમત્કારિક' કારણસર ચર્ચામાં છે, અને આ વખતે ચમત્કાર કર્યો છે મકરંદ દેસાઈ ઓર્થોપેડિક સંકુલની લિફ્ટે ! હા, એ જ લિફ્ટ જે કદાચ દર્દીઓને આરામ આપવા કરતાં કસરત કરાવવાના મૂડમાં વધારે રહે છે. ઓર્થોપેડિક વિભાગ એટલે કે જ્યાં હાડકાંના દર્દીઓની સારવાર થાય છે, ત્યાં જ લિફ્ટ ખોટકાઈ પડતાં પહેલા અને બીજા માળે ફસાયેલા દર્દીઓને નીચે લાવવા માટે પરિજનોએ જાણે કોઈ સાહસિક રિયાલિટી શોમાં ભાગ લીધો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. હાડકાં તૂટેલા દર્દીઓ અને તેમના સ્વજનો માટે હોસ્પિટલના ધક્કા અને સીડીઓ હવે રોજિંદી સજા બની ગઈ છે. પરંતુ સવાલ એ થાય કે, આ બધી હાલાકી વચ્ચે હોસ્પિટલના જવાબદાર અધિકારીઓ ક્યાં છે ? કદાચ તેઓ પોતાની 'એસી' કેબિનની

ઠંડીમાં એટલા બધા મગ્ન છે કે બહાર દર્દીઓની કડાકાભેર વાગતી ચીસો કે પરિજનોની વેદના તેમને સાંભળવા મળતી નથી. કાગળ પર સુવિધાઓના મોટા-મોટા દાવા કરતું તંત્ર વાસ્તવિકતામાં ક્યારે જાગશે ? દર્દીઓની પીડા પર મલમ લગાવવાને બદલે આંખ આડા કાન કરતી આ વહીવટી તંત્રની નિષ્ક્રિયતા જોતા એમ જ થાય કે, સાહેબો, જરા એસી કેબિનમાંથી બહાર નીકળો અને જમીની હકીકત જુઓ. તમારી લિફ્ટ તો બંધ છે, કમસે કમ તમારી સંવેદનાઓનું સ્વીચ તો ઓન કરો !

કાર ચાલક રિવર્સ લઈ રહ્યો હતો તે વેળાએ બાઈક ટકરાતા વાહનને ભારે નુકસાન

અકોટા ગાય સર્કલ પાસે કાર અને મોટરસાયકલ વચ્ચે અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૪

શહેરના અકોટા વિસ્તારમાં આવેલા ગાય સર્કલ નજીક અકસ્માત સર્જાવાની ઘટના સામે આવી છે. ગોત્રી થી સિટી તરફ પોતાના કામ અર્થે જઈ રહેલા એક બાઈક ચાલકને કાર સાથે ટક્કર થઈ હતી. અકસ્માતના પગલે આસપાસના લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત યુવકને ત્વરિત સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, કલ્પેશ પંચાલ નામના બાઈક ચાલક ગોત્રી વિસ્તારથી સિટી તરફ કસ્ટમરના ઘરે કામ માટે જઈ રહ્યા હતા. તે દરમિયાન અકોટા ગાય સર્કલ પાસે પહોંચતા જ એક કાર સાથે તેમની સીધી ટક્કર થઈ ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક સવાર રોડ પર ફંગોળાઈ ગયો હતો અને કારનો પાછળનો કાચ પણ તૂટી ગયો હતો. બાઈક ચાલકના જણાવ્યા મુજબ તે રોડ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક એક કાર ચાલકે પાર્કિંગમાંથી પોતાની કાર રિવર્સમાં લેતા અકસ્માત સર્જાયો હતો. બીજી બાજુ, કાર ચાલક ભદ્રેશભાઈએ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, તેઓ પોતાની ગાડી ધીમે-ધીમે રિવર્સ લઈ રહ્યા હતા અને તે સમયે એક બાજુનો રસ્તો સંપૂર્ણ ક્લિયર

હતો. પરંતુ બાઈક ચાલક ખૂબ જ વધુ ઝડપે ચાર રસ્તા તરફથી આવ્યો હતો અને બ્રેક પર કાબૂ ન રહેવાના કારણે સીધી તેમની કાર સાથે ભટકાયો હતો. અકસ્માતની તીવ્રતા એટલી હતી કે કારનો પાછળનો કાચ પણ તૂટી ગયો હોવાનું તેમણે ઉમેર્યું હતું. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત બાઈક સવાર કલ્પેશ પંચાલને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ આ બનાવ અંગે પોલીસે બંને પક્ષોના નિવેદનો નોંધીને વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

યુદ્ધના ધોરણે રેસ્ક્યુ ઓપરેશન શરૂ

વિશ્વામિત્રીના ધસમસતા પ્રવાહમાં પાલિકાનું સફાઈ મશીન ફસાયું

વડોદરા :- શહેરમાં વરસી રહેલા ભારે વરસાદના પગલે વિશ્વામિત્રી નદીના જળસ્તરમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે, ત્યારે તુલસીવાડી વિસ્તારમાં પાલિકા દ્વારા પ્રી-મોન્સૂન કામગીરી અને સફાઈ અર્થે ઉતારવામાં આવેલ એક ભારેખમ મશીન નદીના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગયું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. તુલસીવાડી વિસ્તારમાં રહેતા સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ ગત રાત્રે પાલિકા દ્વારા જ્યારે વિશ્વામિત્રી નદીની સાફ સફાઈ કરવા માટે મશીન નદીમાં ઉતારવામાં આવ્યું હતું. ત્યારે ગત રાત્રિએ આશરે લગભગ ૧૦:૩૦ વાગ્યાના અરસામાં એક મોટો ધડાકાનો અવાજ સંભળાયો. આવાજ આવતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. ત્યારે તેઓએ તપાસ કરતાં જાણવા મળ્યું કે VMC નું મશીન પાણીના પ્રવાહને કારણે

તણાઈ આવી નદી પર બનેલા બ્રીજના પિલર પાસે જઈને ટકરાયું હતું. ઘટનાની જાણ થતાં જ વડોદરા મહાનગરપાલિકાના સબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

નદીમાં પાણીનો પ્રવાહ તેઝ હોવા છતાં, તણાયેલા મશીનને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે યુદ્ધના ધોરણે કસરત શરૂ કરવામાં આવી છે. હાલ પાલિકાની ટીમો દ્વારા મશીનને શોધીને બહાર કાઢવાના તમામ પ્રયાસો જારી છે.